ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**દિલીપસિંહ અજીતસિંહ બિહોલા**
એડાવોકેટ
મો. ૯૪૨૬૩ ૭૯૨૫૨



**દિલીપ પ્રજાપતિ**
પત્રકાર
દિવ્ય ભાસ્કર, ગાંધીનગર
મો. ૯૭૨૫૬ ૪૭૧૯૭



**કોકિલાબેન ડી શાહ**
મો. ૯૪૦૮૭ ૮૩૪૯૭



**શ્રેય જૈમિનકુમાર પટેલ**
મો. ૯૬૨૪૬ ૫૧૩૧૦



**પાર્શ્વ અમિતભાઈ પટેલ**
મો. ૯૪૨૭૦ ૫૪૦૧૩

### "હિંદી વ્યુત્પત્તિ કોશ"ના નિર્માણ માટે કેન્દ્ર સરકાર દ્વારા

# ગાંધીનગર શહેરના સર્જક ડૉ. કનૈયાલાલ ભટ્ટ નિયુક્ત



ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના જાણીતા સર્જક અને કોશકાર ડૉ. કનૈયાલાલ ભટ્ટ?ની સાહિત્ય અને રાષ્ટ્રીય સિદ્ધિમાં એક નવું છોગું ઉમેરાયું છે. ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય વિભાગના કેન્દ્રીય હિંદી નિદેશાલય – નવી દિલ્લી દ્વારા હિંદીના પ્રચાર પ્રસાર માટે વિવિધ પ્રકારના કોશો વિવિધ ભાષાને હિંદી સાથે જોડીને બનાવાઈ રહ્યા છે. પરંતુ ભારતમાં પહેલીવાર "હિંદી વ્યુત્પત્તિ કોશ" નું નિર્માણ કાર્ય નિદેશાલય દ્વારા થઈ રહ્યું છે. આ વ્યુત્પત્તિ કોશની સંશોધન – સંપાદન ટીમમાં વિશેષજ્ઞ તરીકે ડૉ. કનૈયાલાલ ભટ્ટની નિમણુંક સરકાર દ્વારા કરવામાં આવી છે. આ કોશમાં હિંદી અને સંસ્કૃત ભાષાના વરિષ્ઠ ભાષા વૈજ્ઞાનિકો તથા વિદ્વાન કોશકારો કાર્યકરી રહ્યા છે. જેમની સાથે ડૉ. ભટ્ટ "વ્યુત્પત્તિ કોશ"નું નિર્માણ કાર્ય કરશે. આ વ્યુત્પત્તિ કોશમાં સર્વશ્રી ડૉ. ત્રિભુવનનાથ શુકલ, (જબલપુર), ડૉ. પૂરનચન્દ ટંડન, ડૉ. ધર્મપાલ આર્ય, ડૉ. ઓમ પ્રકાશ શર્મા, ડૉ. નીલાંબર પાંડેય (વ્યાકરણાચાર્ય), ડૉ. ભાષ્કરાનંદ પાંડેય, ડૉ. બિનીતાકુમારી, ડૉ. ભારત ભૂષણ શર્મા (જમ્મુ) ડૉ. એ.એ.બેતાલ, ડૉ. ડી.સી.દીક્ષિત, ડૉ. કનૈયાલાલ ભટ્ટ (ગુજરાત), ડૉ. સુમનકુમાર જહા, ડૉ. પ્રદીપકુમાર, ડૉ. આલોકનાથ પાંડેય, ડૉ. સુનિલ તિવારી, ડૉ. સત્ય પ્રકાશ સિંહ, ડૉ. સંગીતા કુમારી, ડૉ. કુલભૂષણ શર્મા, ડૉ. ભારતકુમાર, શ્રી સત્યેન્દ્ર શુકલ, શ્રી મ્રુગાંક મલાસી, જોરાવરસીંગ...( નવી દિલ્હી ) વગેરે દ્વારા હિંદી ભાષામાં વપરાતા લગભગ એકાદ લાખ જેટલા શબ્દોની વ્યુત્પત્તિ શોધવાનું કાર્ય નવી દિલ્હી ખાતે થઈ રહ્યું છે. અગાઉ ડૉ. કનૈયાલાલ ભટ્ટે નિદેશાલય, નવી દિલ્લી દ્વારા "ભારતીય ભાષા કોશ"ના નિર્માણમાં ગુજરાતી ભાષાના તજજ્ઞ તરીકે પોતાની સેવાઓ આપી છે. જેમાં ભારતની ૧૮ અને હવે ૨૨ માન્ય ભાષાઓને હિંદી સાથે જોડીને આ કોશ કરવામાં આવ્યો છે. ઉપરાંત ડૉ. ભટ્ટે "ગુજરાતી હિંદી કોશ "નું નિર્માણ પણ કર્યું છે. તો વળી "ગુજરાતી હિંદી વાર્તાલાપ પુસ્તક" તથા આ જ મંત્રાલયના 'વૈજ્ઞાનિક તકનીકી શબ્દાવલી આયોગ'' દ્વારા "રાષ્ટ્રીય પ્રશાસનિક શબ્દાવલી (મૂળભૂત) અંગ્રેજી – ગુજરાતી"નું પણ નિર્માણ કાર્ય કરી ચૂક્યા છે.

ભારતની રાષ્ટ્રભાષા હિંદીના આ ખુબ જ વિશાળ અને મહત્વના "વ્યુત્પત્તિ કોશ "નું નિર્માણ નિદેશાલય દ્વારા ભારતમાં પ્રથમ વાર થઈ રહ્યું છે. આવા મહત્વના કોશ નિર્માણના કાર્યમાં ગુજરાતમાંથી ડૉ. ભટ્ટને સ્થાન મળ્યું તે ખુબ જ ગૌરવની વાત છે.

# આધ્યાત્મિકતા અને વિજ્ઞાનને ભેગાં કરવાં એ તેલ-પાણીને ભેગાં કરવા જેવી બાબત છે

ગાંધીનગર, તા. ૨૮

'આધ્યાત્મિકતા અને વિજ્ઞાનને ભેગા કરવા એ તેલ ને પાણીને ભેગા કરવા જેવી બાબત છે. છતાં મેં આ કામ કરવાની હિંમત કરી છે. આ વિષય અટપટો છે, મારા માટે પણ એક પડકાર હતો. તેથી આધ્યાત્મિકતા અને વિજ્ઞાન વચ્ચે તાલમેલ જાળવવાનો પ્રયત્ન કર્યો છે.' મૂળ ગુજરાતી અને હાલ અમરિકામાં વસેલા મોલેક્યુલર જિનેટિક્સના વિજ્ઞાની ડૉ. ચંદ્રકાન્ત ગિરિનું રવિવારે અમદાવાદ મેનેજમેન્ટ અસોસિએશન ખાતે એક વ્યાખ્યાન યોજાયુ હતું. જેની શરૂઆત તેમણે આ બાબતથી કરી હતી. આ વ્યાખ્યાનનો વિષય હતો, 'બ્લિસફુલ સીનર્જી ઓફ સાયન્સ એન્ડ સ્પિરિચ્યુઆલિટી'.

ડૉ. ગિરીએ વિજ્ઞાન અને શાસ્ત્રની સમાનતાઓ વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, 'મારી દષ્ટિએ વિજ્ઞાન અને આધ્યાત્મિકતા એક સિક્કાની બે બાજુ સમાન છે. છેલ્લા પંદર વર્ષથી મારા મનમાં સવાલ ઉઠતાં હતાં. આપણે લોકો જે એક એક દશ્ય જોઈએ છીએ કે, કોઈ એક જ ગીત સાંભળીએ કે, કોઈ એક જ વાનગી ખાઈએ તો આપણા દરેકના વિચારો એ એક જ વસ્તુ માટે અલગ અલગ હોય છે. લોકો કહેશે કે, એમાં શું એ તો આપણો સ્વભાવ છે. પણ વિજ્ઞાને સાબિત કર્યું છે કે, એક જ ડીએનએથી જન્મેલાં બે જોડિયાં બાળકો હશે તો પણ તેમની ઘણી બાબતો અલગ હશે અને એમની આગવી લાક્ષણિકતાઓ હશે. કારણ કે, તમારી આસપાસનો માહોલ, પરિવારમાં મળેલું વાતાવરણ, તમારી ખાન-પાનની આદતો, મિત્રો જેવી અનેક બાબતો લાક્ષણિકતાના ઘડતરમાં ભાગ ભજવે છે.'

# અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના એનએસએસ સ્વયંસેવકોએ પ્રિ-આરડીસી કૅમ્પમાં ભાગ લીધો





ગાંધીનગર, તા. ૨૮

ઍમ ઍસ યુનિવર્સિટી, વડોદરા ખાતે સાત રાજ્યોનો પ્રિઆરડીસી કૅમ્પ યોજાયો હતો, જેમાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ગાંધીનગર શહેરમાં કાર્યરત અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના વિદ્યાર્થી વિકાસ રાજગોર અને નિલાંજના રાય પણ આ કૅમ્પમાં જોડાયાં હતાં.

બંને વિદ્યાર્થીઓએ આ દસ દિવસીય કૅમ્પમાં વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. યોગ, પરેડ, ઍકેડેમીક સૅશન, સાંસ્કૃતિક કાર્યક્રમ, સ્વચ્છતા અભિયાન જેવી પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહી બંને વિદ્યાર્થીઓએ કૉલેજ અને કડી સર્વ વિશ્વવિદ્યાલયનું નામ રોશન કર્યું હતું.

કૉલેજના ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવીએ આ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. કૉલેજ પરિવાર વતી પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ વિદ્યાર્થીઓને આ સફળ કૅમ્પ બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# યુવતિ દ્વારા લગ્નને યાદગાર બનાવવા સ્વલિખિત પાંચ પુસ્તકોનું વિમોચન



માતા-પિતા તથા મહાનુભાવોના હસ્તે પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૮

પોતાના લગ્ન સમારંભને યાદગાર બનાવવા માટે દંપતિ દ્વારા અવનવા પ્રયાસો કરવામાં આવતા હોય છે ત્યારે મોરબી ખાતે યોજાયેલ બોપલના ડો.સચિન સરડવા તથા મોરબીના ડો.દીપિકા વિઠલાપરાના લગ્ન સમારંભને પુસ્તક વિમોચન માટે યાદ રાખવામાં આવશે. લગ્ન સમારંભમાં એક નહિ પરંતુ નવવધુના એક સાથે પાંચ પુસ્તકો (૧) કવિતાની વિકાસયાત્રામાં અધુનિક સંસ્કૃત કવિઓ, કૃતિઓ અને કાવ્યજગત (૨) અર્વાચિન સંસ્કૃત કવિ ડો "અભિરાજ" રાજેન્દ્ર મિશ્રનું જીવન અને કવન (૩) ડો."અભિરાજ" રાજેન્દ્ર મિશ્રના રૂપકોમાં સામાજિક વાસ્તવ (૪) વૈશ્વિક ચેતનાના કવિ ડો.હર્ષદેવ માધવ (૫) ડો."અભિરાજ" રાજેન્દ્ર મિશ્રની કાવ્યક્ષેત્રે સિધ્ધિઓ નું વિમોચન માતા-પિતા તથા મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યુ હતુ. આ પ્રંસંગે પુર્વ કેન્દ્રીય મંત્રી મોહનભાઈ કુંડારીયા, પંચાયત મંત્રી જયંતિભાઈ કવાડીયા, બોપલ ઘુમા નગરપાલીકાના કાઉન્સિલર રેખાબેન સરડવા, ઈશ્વરભાઈ સરડવા, કાન્તાબેન વિઠલાપરા, અંબારામભાઈ વિઠલાપરા સહિત અનેક હસ્તીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ડો. સચિન તથા ડો. દીપિકાને અભિનંદન આપ્યા હતા.

પાંચ પુસ્તકોના વિશે વાત કરતા યુવા લેખીકા ડો.દીપિકા સરડવા વિઠલાપરાએ જણાવ્યુ હતુ કે, મને નાનપણથી જ પુસ્તકો વાંચવાનો શોખ છે. સતત વાંચનના કારણે હું લખતી થઈ અને પુસ્તક લખવાની શરૂઆત કરી તો એક સાથે પાંચ પુસ્તકો લખાઈ ગયા. નાનપણથી જ રમત, અભ્યાસની સાથે યોગ, કરાટે, નૃત્ય, નાટક શીખવા લાગી અને સાથે સાથે કવિતા, નિબંધ પણ લખ્યા.

આ માટે પુરસ્કારો, મેડલ મળતા વધુ પ્રોત્સાહન મળ્યું. સમાન્ય લોકોને અઘરૂં લાગે એવું કામ કરવાનું મને પસંદ છે. સંસ્કૃત ભાષા પ્રત્યેના પ્રેમના કારણે જ હું પી.એચ.ડી. ની પદવી મેળવી શકી છું. મારા લગ્ન સમારંભને યાદગાર બનાવવા માટે મે એક સાથે પાંચ પુસ્તકો લખ્યાં અને તેનું મારા માતા-પિતા, મહાનુભાવોના હસ્તે લગ્ન સમારંભમાં વિમોચન કરવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

કાગળે રંગ બદલ્યો
તો આપણને અસહ્ય દુખ થાય છે.
તો વિચારો,
જ્યારે સંતાનો રંગ બદલે
ત્યારે માતા-પિતાને
કેટલું દુખ થતું હશે!

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ડિયર જિંદગી
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ડિયર જિંદગી
૧.૪૫, ૪.૩૦, ૯.૩૦
ફેન્ટાસ્ટિક બિસ્ટ્સ (અંગ્રેજી, ૩ડી)
૭.૧૫

**સ્ક્રીન-૫**
ડિયર જિંદગી
સવારે ૧૦.૦૦
ફોર્સ-૨
૩.૪૫, ૯.૪૫
સાનસેઈન : ધ લાસ્ટ બ્રિથ
૧૨.૪૫, ૬.૪૫

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# માય ડેડ ઈઝ માય હીરો, માય લવ એન્ડ માય આઈડોલ



**આત્મનાદ**
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

પાડોશી મિત્રની દીકરીનાં લગનનાં ઢોલ અને શરણાઈ વાગતાં હતાં. ૨૫-૩૦ વર્ષ પહેલાંની બે ઘટનાઓ આજે ફરી એક વાર પલાશના મનમાં તરવરવા લાગી.

એ દિવસે અચાનક નાનકડી પાંચ વર્ષની ઝંખનાને પાડોશમાં રહેતા જીતુ અંકલે પૂછ્યું 'ઝંખુ તું લગન કરવાની?'

રૂઆબથી બકુડી ઝંખનાએ કાલી ભાષામાં કહ્યું 'હાસ્તો...'

અંકલે પૂછ્યું 'કોની સાથે કરવાની ?'

ઝંખના એક સેકંડ પણ વિચાર્યા વગર સડસડાટ બોલી ગઈ "મારા પપ્પા સાથે જ સ્તો..."

મિત્ર જિતેન્દ્રએ સાંજે ફરવા જતી વેળા હસતાં હસતાં વાત કરી ત્યારે પલાશ આનંદથી બોલી ઉઠ્યા હતાં 'મારી લાડો છે.'

અને આ ઘટનાના પંદર સત્તર વર્ષ પછી કોલેજમાં આવી ગયેલી ઝંખના કોલેજની સૌથી સુંદર અને ચપળ વિદ્યાર્થિની તરીકે 'બ્યુટી એન્ડ બ્રેઈન' કોન્ટેસ્ટમાં પ્રથમ આવી ત્યારે સ્થાનિક પત્રકારોના 'તમારાં જીવનનો 'આઈડોલ' કોણ?'ના જવાબ આપતી વેળા ઝંખનાની આંખોમાં ચમક અને તેજ આવી ગયું. અને બડા ફક્રથી બોલી 'ઓબ્વિયસલી માય ડેડ... હી ઈઝ માય હીરો... માય લવ એન્ડ માય આઈડોલ...'

જ્યારે ટી.વી. ઉપર આ સમાચાર વહેતા હતા ત્યારે ડ્રોઈંગરૂમમાં સોફા ઉપર બેસીને પાણી પીતા પીતા દીકરીના સમાચાર જોતાં પલાશના હાથમાંથી પાણીનો ગ્લાસ ભોંય ઉપર પડી ગયો. અને ફર્શ ઉપર પાણી હતું કે આંખમાં પાણી પાણી હતું તે એ સમજી ન શક્યો.

છાતી ઉપર વળગીને કાલુ કાલુ બોલતા નિરાંતે ઉંઘવું, આંગળી પકડીને સાંજે અલક-મલકની વાતો કરતાં ફરવા જવું, મમ્મી ટોકે ત્યારે રૂઆબથી પિતાનું નામ લઈને માની સામે ઊભા રહેવું, ક્યાંય કોઈપણ વ્યક્તિ આગળ પિતાના નામના સન્માન માટે સદાય તત્પર રહેવું, બાપના મોઢામાંથી સિગારેટ કાઢીને ફેંકીને 'મા'ની જેમ વઢતી, મોલમાં જ્યારે ચાર ડ્રેસ અપાવવાના હોય ત્યારે બે ડ્રેસ લઈ પિતાના બજેટને સાચવતી... વગેરે વગેરે. આવી અનેક ઘટનાઓ પલાશના માનસપટ ઉપર ચિત્રપટની ફ્રેમની જેમ એક પછી એક વહેવા લાગી... આજે તો ઝંખનાને ત્યાં પણ ઝીલ પારણામાં ઝુલે છે. પણ પલાશ ૩૦ વર્ષના આ મેગા મૂવીની એક-એક ફ્રેમને ધ્યાનથી જોયા કરે છે. પચાસી વટાવી ગયેલા પલાશ જ્યારે જ્યારે કોઈના પણ લગનના ગીતો ગવાતાં સાંભળે ત્યારે ત્યારે અચૂક તેમની આંખોના ખૂણા ભીના થઈ જાય.



પ્રતિવર્ષ લગનસરા આવે ત્યારે પરણાવવાની ઉંમરે આવીને ઉભેલી કે પરણાવેલી દીકરી હોય... બાપ ફરીથી હૃદયના ટૂકડા સંજોરીને બેઠો થવાની કોશિષ કરે. 'દીકરી', 'પિતા' અને 'લાગણી'. આ ત્રણ શબ્દો વચ્ચે ગજબના 'કોસ્મિક' અર્થનું સામંજસ્ય છે. ભગવદગોમંડલ અનુસાર 'દીકરી'નો શબ્દાર્થ 'બાપનું મન ફાડવાવાળી'. 'દ્રુ' એટલે ફાડવું, ધાતુ ઉપરથી 'દીકરી' શબ્દ વ્યુત્પન્ન થયો. દીકરીનું રક્ષણ અને પરણાવી અન્ય પુરુષના હાથમાં સોંપતાં પિતાનુ હૃદય તાર તાર થાય... ફાટી જાય... જેના મન અને હૃદયમાં એક માત્ર હિરો હતો એવા બાપના સંપૂર્ણ પ્યારના બે ટૂકડા થતાં બાપનું મન-હૃદય ફાટે અને એના ઉપરથી શબ્દ આવ્યો 'દીકરી'. પિતા શબ્દનો અર્થ 'રક્ષણ' કરનાર. અને આ બે શબ્દ વચ્ચેનો સૌથી ધારદાર અને મજેદાર શબ્દ 'લાગણી' છે.

અંતરમાં થતી સારી-માઠી અસર, મનોવૃત્તિ, ભાવના, ડંખ, દાઝ, પ્રેમ, વાત્સલ્ય, દયા, સમભાવ વગેરે અંગે અસર જન્માવતા વિચારો એટલે 'લાગણી'. લાગણી શબ્દ સૌથી પહેલાં કોણે ઉપયોગમાં લીધો એ કોઈની જાણમાં નથી. પરંતુ ગુજરાતના મુર્ધન્ય સાહિત્યકાર નર્મદાશંકરે એક રિવાજ રાખ્યો હતો. જે વિચારણા માગી લે તેવી મોટી બાબતો હોય ત્યારે તે ભીંત ઉપર એ વાત લખતા. મિત્રો એકઠા થાય એ વાતની ચર્ચા ઉપાડતા. એક વાર 'લાગણી' માટે યોગ્ય ગુજરાતી શબ્દની ચર્ચા ચાલી, અને ખૂબ મઝાના વિચાર-વિમર્શ બાદ 'લાગણી' શબ્દ નક્કી થયો. આ શબ્દ પિતા અને દીકરીના સંબંધનો સૌથી બંધ બેસતો અર્થ અભિવ્યક્ત કરે છે. પાનના ગલ્લે દસ-બાર પુરુષો ઊભા હોય અને એક નાની દીકરી ત્યાંથી પસાર થાય ને તો ય અપશબ્દો અને ઉતરતી કક્ષાની વાતો આપોઆપ બંધ થઈ જાય, આ છે દીકરીની લાગણીની તાકાત અને ભારતવર્ષની સંસ્કારિતા.

આ લગ્નસરામાં એક મિત્રની દીકરીના લગ્નપ્રસંગમાં ભેગા થયેલા મિત્રો પૈકી એક મિત્રએ ભીની આંખે કહ્યું કે, 'કીતની અજીબસી બાત હૈ, દુરીયાં સિખાતી હૈ કી નઝદીકીયાં ક્યા હોતી હૈ...' મિત્રએ ભાવાર્થ સ્પષ્ટ કરતાં કહ્યું કે, દીકરીઓનું મૂલ્ય શ્વાસ જેવું અને જેટલું છે. શ્વાસ ચાલતો હોય તો ખબર જ ન પડે પણ જ્યારે શ્વાસની થોડી તકલીફ પડે થોડો દૂર જાય કે પરસેવો વળે, દુનિયા વિરાન થવા લાગે... દીકરીનું પણ એવું જ છે. નાનપણથી યુવાન થાય ત્યાં સુધી સાથે જ હોય, કલ્પના પણ કરવી ન ગમે કે એક દિવસ એ મહેંદી મુકી બીજે ઘરે અજવાળું કરવા ચાલી નિકળશે. જ્યારે લગનની ઘડીઓ ગણાય ત્યારે બાપનું મન અકળાય, ચૂંથાય, વલવલાય... પણ... ચહેરા ઉપર સ્મિતનું આડંબર....

બાપ હયાત હોય ત્યાં સુધી દીકરીના બાળપણથી માંડીને દીકરીના ઘરે દીકરી આવે એટલી મોટી દીકરી થઈ જાય તો પણ, પિયર આવેલી ઉંઘતી દીકરીને બાપ ક્યારેય ન જગાડે. પિતાને તો એમ જ થાય બેટીને જેટલો વધુ આરામ મળે એટલુ સારું, એના સોણલા ક્યારેય ન તુટે. દીકરીને જ્યારે વળાવે ત્યારે પિતા એના કલેજાના ટૂકડાને સોંપતી વખતે અંદરથી તૂટી જાય, એના રૂંવેરૂંવા રોવા લાગે. હસતા ચહેરા પાછળ લાગણીના મહાસાગરમાં હિલોળે ચઢેલું મન એક સટાકામાં બાપને ઉંમરલાયક બનાવી દે. દીકરો પરણે ત્યારે એક દીકરી લાવવાના ઉત્સાહમાં પિતા હોય એના કરતાં વયમાં નાના, 'યુવાન' થઈ જાય. લગન કોઈની પણ દીકરીનું હોય એકેએક બાપનું મન ડૂસકે ચડ્યા વગર ન રહે.

'હસ્ત મેળાપ' વખતે દીકરી બીજાને સોંપવાના સંતાપ, વ્યથા, દર્દ, પીડા પાછળ દીકરીના ભાવિ, સુરક્ષા, સલામતી અને લાગણીના બંધનની સોનેરી છાંટનો સંતોષ પણ બાપને હોય છે. દીકરીના સપ્તપદીના પગલાં વેળા બાપની સ્થિતિ ચોક્કસ અકલ્પ્ય અને અકથ્ય હોય... પારણું ઝૂલાવનાર હાથની મહાનતા સામે ક્યારેય, કોઈપણ સંદેહ ન હોય, પણ સાથે સાથે 'હસ્ત મેળાપ' વેળા પકડેલો હાથ પણ એટલો જ મહત્ત્વનો અને આદરપાત્ર છે. બની શકે કે, દીકરીના છેલ્લા શ્વાસ વખતે એના હાથમાં 'હસ્ત મેળાપવાળો' હાથ હોય અને છેલ્લા છેલ્લા કોળીયા પણ દીકરીને એ 'હસ્તમેળાપ'ના હાથ જ ભરાવે એવું પણ બને. લગ્ન કરવાની ઉંમરે પહોંચેલી દીકરીના પિતાના મનની વ્યથાના વમળો સમજી શકાય એવા છે. પરંતુ એથી વધુ તકલીફ જે મિત્રોએ દિલનો ટૂકડો પરણાવી કન્યાદાન કરી દીધું છે એમની મનઃસ્થિતિને છે. દરેક લગ્નસરામાં એ ભડકે, થડકે, લથડે અને માંડ માંડ જાતને સંભાળે... અને હસતે મોંએ શુભેચ્છાઓ પણ પાઠવે. પરણાવવાની ઉંમરે પહોંચેલી દીકરીના પિતા અને મારા મિત્રએ મને એક પિતાની મનઃસ્થિતિની વિષેની સરસ હૃદયદ્રાવક વાત લખીને વોટ્સ-એપ ઉપર મોકલી, દીકરીનું લગ્ન એટલે નદીને પાનેતર પહેરાવવાની ક્ષણ... માત્ર એક લીલા પાનની આશ હોય અને આખે આખી વસંત દીકરી સ્વરૂપે ઘરે આવે. દીકરી એટલે માત્ર ઘરમાં જ નહીં, હૈયામાં અને શ્વાસોશ્વાસમાં વસતી સદાકાળની વસંત... દીકરી એટલે હાથમાં અને બાથમાં રાખેલું આખેઆખું ચોમાસુ... દીકરી એટલે પ્રભુનો પ્રસાદ નહીં પણ પ્રસાદરૂપે પ્રાપ્ત થયેલા સ્વયં પ્રભુ...

**ધબકાર**

"જિંદગી ઉસીકો આજમાતી હૈ, જો હર મોડ પર ચલના જાનતા હૈ, કુછ પાકર તો હર કોઈ મુસ્કુરાતા હૈ, જિંદગી તો ઉસીકી પે ફીદા હૈ, જો સબ કુછ ખો કર મુશ્કુરાના જાનતા હૈ..."